વર્ષ : ૨૦૨૪-૨૫

આવકવેરા ફોર્મ -૧૬ બાબત
નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪

**હિસાબ નિયામકશ્રીની કચેરી**
**આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ**
જા.નં. : હિનિ / પે સેલ / ૨૩૫/૨૦૨૪
તા.:૧૩-૦૬-૨૦૨૪

## :: પરિપત્ર ::

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતેના તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, આપશ્રીની કચેરીમાં નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન ફરજ બજાવતા અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ તથા રીસર્ચ ફેલોના ના ફોર્મ-૧૬ આવી ગયેલ છે જે ફોર્મ અત્રેની પે-સેલ શાખામાંથી તા.૧૪/૦૬/૨૦૨૪ના રોજથી મેળવી લેવાના રહેશે.

ફોર્મ -૧૬ લેવા આવનાર કર્મચારી સાથે આપની કચેરી તરફથી માહે ફેબ્રુઆરી-૨૦૨૩ ના પગાર બીલ સાથે જે અધિકારી/કર્મચારીના ફોર્મ મોકલેલ હતા તેઓના નામ તથા એમ્પલોયમેન્ટ નંબરનું લીસ્ટ અચુક મોકલી આપવાનું રહેશે. આ લીસ્ટમાં આપની કચેરી ખાતેથી જે રીસર્ચ ફેલોના ફોર્મ અત્રે ફોર્મ -૧૬ બનાવવા માટે મોકલી આપેલ હતા તેઓના નામ પણ લીસ્ટમાં સામેલ રાખવાના રહેશે.

વધુમાં ઈન્કમટેક્ષના ફોર્મમાં ભુલ જણાય અને સુધારા કરવાના હોય તો તેવા કર્મચારી/અધિકારીશ્રીઓના ફોર્મ જે-તે કચેરી દ્વારા સંકલિત કરી એકી સાથે જરૂરી આધાર પુરાવા સહીત અત્રેની કચેરીને મોડામાં મોડા **તા.૨૫/૦૬/૨૦૨૪** સુધીમાં મોકલી આપવાના રહેશે. ગતવર્ષના અનુભવોના આધારે જણાવવાનું કે, ઘણી કચેરીઓમાંથી ફોર્મ સુધારો કરવા માટે જે તે કર્મચારીઓને રૂબરૂમાં અત્રેની કચેરી ખાતે મોકલવામાં આવે છે જે વ્યાજબી નથી. અત્રેથી **જયારે ફોર્મ લઇ જવામાં આવે ત્યાર બાદ આપની કચેરી તરફથી જે તે અધિકારી અને કર્મચારીને ફોર્મ-૧૬ સમયસર મોકલી આપશો અને તેઓને ખાસ સુચના આપશો કે જો ફોર્મમાં કોઇ સુધારો હોય તો નિયત સમય મર્યાદામાંજ સુધારા માટે મોકલી આપશો, અન્યથા તા.૨૫/૦૬/૨૦૨૪** બાદ આવેલ ફોર્મના સુધારા માટે જે કોઇ પણ ચાર્જીસ થશે તો તેની સઘળી જવાબદારી જે તે કચેરીના ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીની રહેશે જેની ખાસ નોંધ લેશો.

**ઓડીટ ઓફીસર**
**પે એન્ડ પેન્શન સેલ**

**નકલ રવાના :**
આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકની તમામ કચેરીઓના ઉપાડ અને ચુકવણા અધિકારીઓશ્રી તરફ જાણ અને અમલ થવા સારૂં.